# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તા: ૪/૯/૨૦૨૦

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# સ્માર્ટ એન્ડ એફીશિયન્ટ ગારમેન્ટ ફેક્ટરીઝ એજ એન્જીન ફોર ગ્રોથ ઓફ ગુજરાત ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રી વિશે વેબિનાર યોજાયો

સુરત. ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના ગ્લોબલ ફેબ્રિક રિસોર્સ એન્ડ રિસર્ચ સેન્ટર (જી.એફ.આર.આર.સી.)એ વઝીર એડવાઇઝર્સ અને બ્લુ કાકતુજની સાથે મળીને ગુરૂવાર, તા. ૩ સપ્ટેમ્બર, ૨૦૨૦ના રોજ 'સ્માર્ટ એન્ડ એફીશિયન્ટ ગારમેન્ટ ફેક્ટરીઝ એજ એન્જીન ફોર ગ્રોથ ઓફ ગુજરાત ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રી' વિષય ઉપર વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વકતા તરીકે વઝીર એડવાઇઝર્સના કો–ફાઉન્ડર અને જોઇન્ટ મેનેજિંગ ડાયરેકટર પ્રશાંત અગરવાલ, બ્લુ કાકતુજના મેનેજિંગ ડાયરેકટર ગુનીશ જૈન, પી એમ્પ્રો એક્સપોર્ટ્સના ટોની ઉપ્પલ અને સી.એમ.એ.આઇ.ના ચીફ મેન્ટર રાહુલ મહેતાએ સુરત તથા ગુજરાત માટે ગારમેન્ટ ઇન્ડસ્ટ્રીમાં રહેલી વિશાળ તકો વિશે મહત્વનું માર્ગદર્શન આપ્યું હતું.

ચેમ્બરના કાર્યવાહક પ્રમુખ દિનેશ નાવડિયાએ વેબિનારમાં સર્વેને આવકાર્યા હતા અને જણાવ્યું હતું કે, ગુજરાતમાં સ્થપાયેલા કુલ એમ.એસ.એમ.ઇ.ના ૫૦ ટકા એમ.એસ.એમ.ઇ. દક્ષિણ ગુજરાતમાં આવેલા છે. આથી ગારમેન્ટ ઇન્ડસ્ટ્રીમાં કન્વર્ટ થવા માટે ખૂબ જ વિશાળ તક ઉપ્લબ્ધ છે. સુરતની ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રીમાં વેલ્યુ એડીશન થશે તો રોજગારી પણ વધશે અને ઇકોનોમી ડેવલપ થવામાં ખૂબ જ મદદ મળી રહેશે. જેને કારણે ગુજરાતનો વિકાસ થશે.

જી.એફ.આર.આર.સી.ના ચેરમેન ગિરધરગોપાલ મુંદડાએ જણાવ્યું હતું કે, બાંગ્લાદેશ અને વિયેતનામે છેલ્લાં પાંચ વર્ષમાં અભૂતપૂર્વ પ્રગતિ કરી છે. આપણે ૧૨૦ મિલિયન ડોલરના મહત્વાકાંક્ષી લક્ષ્યને હાંસલ કરવો હશે તો ગારમેન્ટ ઉપર પૂરતું ધ્યાન આપવું પડશે. ભારતને પણ ટેક્ષ્ટાઇલ ચેઇનનો ભાગ બનવું પડશે.

ગુજરાત એમ.એમ.એફ. કપડાનું સૌથી મોટું ઉત્પાદક છે પરંતુ ગુજરાતમાં ગારમેન્ટની ફેકટરીઓ ન હોવાથી આપણે ગારમેન્ટીગમાં પાછળ પડી જઇએ છીએ. આથી ઉદ્યોગકારોએ આ દિશામાં આગળ વધવું પડશે.

પ્રશાંત અગરવાલે જણાવ્યું હતું કે, ગારમેન્ટ ઇન્ડસ્ટ્રીનું ગ્લોબલી માર્કેટ ર ટ્રિલીયન ડોલરનું છે. ભારતનું એક્ષ્પોર્ટ ઇન્ટરનેશનલ અને ડોમેસ્ટીક બંને રીતે જોઇ શકાય છે, ત્યારે ઉદ્યોગકારોએ હવે સ્માર્ટ અને એફીશિયન્ટ ફેકટરી કઇ રીતે સ્થાપીશું તેની તરફ ઘ્યાન આપવું પડશે. એના માટે પહેલા બાયર્સ પર નહીં પણ પ્રોડકશન ઉપર ફોકસ કરવું પડશે અને ત્યારબાદ એક્ષ્પોર્ટ ઉપર ઘ્યાન આપવું પડશે. કારણ કે જો પ્રોડકટ સારી હશે તો બાયર્સને શોધવા પડશે નહીં. તમને એક્ષ્પોર્ટના મોટા ઓર્ડર મળી જ જશે. ત્યારબાદ ઉદ્યોગકારોએ ઓનલાઇન વેચાણ ઉપર પણ ઘ્યાન આપવું પડશે.

તેમણે ગારમેન્ટ ફેકટરી નાંખવા માટે સરકારની સબસિડીનો લાભ લેવા માટે ઉદ્યોગકારોને સલાહ આપી હતી. તેમણે કહયું હતું કે, સરકાર પાસેથી ગારમેન્ટ ફેકટરી નાંખવા માટે 'ટફ'માં ૧૫ ટકા કેપીટલ સબસિડી મળે છે. ૪૦ ટકા સબસિડી સરકાર બેઝીક કોસ્ટ ઉપર આપી રહી છે. કારીગરો માટે રહેવાની વ્યવસ્થા કરવામાં આવે તો તેના ઉપર પણ સરકાર સબસિડી આપી રહી છે. આમ કન્સ્ટ્રકશન, પાવર અને ઇન્ટરેસ્ટ બધા ઉપર જ સરકાર સબસિડી આપી રહી છે. તેમણે કહયું કે જો રૂપિયા રરથી ર૩ કરોડમાં સ્માર્ટ ગારમેન્ટ ફેકટરી લગાવવામાં આવે તો સરકારની બધી સબસિડીઓને ઘ્યાનમાં રાખીએ તો પાંચેક વર્ષમાં રૂપિયા ૩૦ કરોડ મળી જાય છે.

તેમણે સ્માર્ટ ગારમેન્ટ ફેકટરી માટે યોગ્ય લેઆઉટ, મોડર્ન ટેકનોલોજી, કવોલિટી કન્ટ્રોલ મેથડ, સ્ટાફ, ઇન્ફોર્મેશન કેપ્ચર અને કોમ્યુનિકેશન અને રાઇટ સોફટવેર વિશે માહિતી આપી હતી. આ બધી બાબતો ઉપર ઘ્યાન આપવામાં આવશે તો ચોકકસપણે ગારમેન્ટ ફેકટરી નફો કરશે. તેમણે કહયું કે, બાયર્સને પ્રોપર સર્વિસ અને સમયસર ડિલીવરી આપીશું તો ચાઇનાને પણ પછાડી શકીશું. આજે ઇન્ડીયન બ્રાન્ડને પણ ખૂબ જ મોટા ઓર્ડર મળી રહયાં છે.

ગુનીશ જૈને જણાવ્યું હતું કે, ગારમેન્ટ ફેકટરીને સ્માર્ટ અને એફીશિયન્ટ બનાવવા માટે એનામાં આઇ.આર.પી. સિસ્ટમ લગાવવી પડશે. સામાન્ય એકસલ શીટ અને કાગળથી કામ ચાલશે નહીં. આઇ.આર.પી. સિસ્ટમ એ તમને પ્રોડકશન સ્ટેટસ અને ખરીદી વિશે ચોકકસ માહિતી આપે છે. સાથે જ વિવિધ વિભાગો સાથે કો–ઓર્ડીનેશન પણ જરૂરી છે. ગુજરાતમાં હાલમાં ખૂબ જ ઓછી ગારમેન્ટ ફેકટરી છે ત્યારે ગારમેન્ટ ઇન્ડસ્ટ્રીમાં ખૂબ જ મોટો સ્કોપ ગુજરાતમાં રહેલો છે. ડેટા અને એનાલિસિસને આધારે તમે ગારમેન્ટ ઇન્ડસ્ટ્રીમાં ઝંપલાવી શકો છો.

ટોની ઉપ્પલે જણાવ્યું હતું કે, ભારતમાં બધા જ પ્રકારનું રો મટિરિયલ ઉપલબ્ધ છે. જ્યારે બાંગ્લાદેશ અને વિયેતનામમાં રો મટિરિયલ ઉપલબ્ધ જ નથી. તેમ છતાં આ બંને દેશો ગારમેન્ટ ઇન્ડસ્ટ્રીમાં આગળ આવી ગયા છે, ત્યારે ભારતને ગારમેન્ટ ઇન્ડસ્ટ્રીમાં ગ્લોબલી માર્કેટમાં ઝંપલાવવા માટે ઘણી વિશાળ તકો રહેલી છે અને માર્કેટ ઓપોર્ચ્યુનીટી પણ ખૂબ જ વધારે છે. જો કે, ઇન્ડસ્ટ્રીમાં પ્રોગ્રેસ રાતોરાત મળતી નથી એના માટે લાંબો સમય લાગે છે અને સાથે જ સમયસર યોગ્ય પગલાં ભરવા પડે છે.

તેમણે વધુમાં કહયું હતું કે, વિયેતનામ અને બાંગ્લાદેશમાં ૭ હજાર અને ૧૦ હજાર મશીન ધરાવતી ફેકટરીઓ સ્થપાયેલી છે. પરંતુ ભારતમાં આવી એકેય ફેકટરી જોવા મળતી નથી. હાઇટેક ટેકનોલોજીનો પણ અભાવ ભારતની ફેટકરીઓમાં જોવા મળે છે. જો ગારમેન્ટ ઇન્ડસ્ટ્રી ડેવલપ થશે તો ભારતમાં બેરોજગારીની સમસ્યાને પણ દૂર કરી નાંખશે અને ઇકોનોમીને પણ આગળ લઇ જશે. તેમણે ગારમેન્ટ ઇન્ડસ્ટ્રી માટે ઉદ્ભવતી કેટલીક સમસ્યા અને ઇન્ડસ્ટ્રીના વિકાસની સંભાવનાઓ વિશે પણ વિસ્તૃત ચર્ચા કરી હતી.

રાહુલ મહેતાએ જણાવ્યું હતું કે, માર્કેટ માટે ગુડ પ્રોડકટની ખૂબ જ જરૂરિયાત રહે છે. સુરતમાં મેન મેઇડ ફાયબરનું વિશાળ પાયા ઉપર ઉત્પાદન થાય છે ત્યારે સુરત સહિત આખું ગુજરાત તેમાં વેલ્યુ એડીશન કરીને ગારમેન્ટ ઇન્ડસ્ટ્રીમાં ઝંપલાવી શકે છે. ગુજરાતમાં રો મટિરિયલ અને લેબર ઉપલબ્ધ છે. એપેરલ પાર્કનો લાભ લઇને સુરતના ઉદ્યોગપતિઓએ સ્માર્ટ ગારમેન્ટ ફેકટરીઓ શરૂ કરવી જોઈએ. એના માટે સુરતે ફેશન ઉપર ફોકસ કરવું જોઇએ. વિશ્વની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને સુરતે કપડું બનાવવું જોઇએ અને સપ્લાય ચેઇન વધારવી જોઇએ.

ચેમ્બરની મેનેજિંગ કમિટિના સભ્ય હિમાંશુ બોડાવાલાએ વેબિનારનું સંચાલન કર્યું હતું. અંતે મેનેજિંગ કમિટિના સભ્ય બિજલ જરીવાલાએ સર્વેનો આભાર માની વેબિનારનું સમાપન કર્યું હતું.